ભરૂચમાં નિર્માણાધીન શોપિંગની આરસીસીની દીવાલ વરસાદના કારણે પોચી પડી અને માટીનું દબાણ સહન ન થતાં તુટી

1500 કિલો વજનનો આરસીસીનો ટુકડો મકાન પર પડ્યો કાટમાળ નીચે દબાતાં પિતા- પુત્રના મોત : 2 મહિલાને ઇજા

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના આલી માતરિયાવાડ વિસ્તારમાં મોટી દુર્ઘટના બની હતી. આ વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટી નજીક નિર્માણ પામી રહેલાં શોપિંગ સેન્ટરની કંપાઉન્ડ વોલ માટીના દબાણના કારણે તુટીને દિવાલને અડીને આવેલાં બે કાચા મકાન પર પડી હતી. એક કાચા મકાન પર 9 ઇંચ જાડાઇ અને 15 ફૂટ લંબાઇનો આરસીસીના સ્લેબનો ટુકડો પડવાથી મકાનની અંદર રહેલાં પિતા- પુત્રના મોત થયાં હતાં. જયારે બે મહિલાને ઈજા થતાં તેમને ફાયર વિભાગે કાટમાળ નીચેથી બહાર કાઢીને સિવિલમાં ખસેડી હતી.

શોપિંગના પાયાના ખોદકામ બાદ માટી કંપાઉન્ડમાં રાખવામાં આવી હતી. મંગળવારે રાત્રિના સમયે વરસાદ વરસવાની શરૂઆત થઈ હતી. રાત્રિના 2.30 વાગ્યાના અરસામાં અચાનક આરસીસીની દિવાલનો 15 ફૂટથી વધુ લંબાઈનો ભાગ ધરાશાયી થયો હતો. 1500 કિલોથી વધુ વજન ધરાવતાં આરસીસીનો એક ટુકડો એક મકાન પર પડયો હતો. આરસીસીનો ટુકડો પડવાથી એક મકાનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. દિવાલનો કાટમાળ અન્ય એક મકાન ઉપર પણ પડયો હતો પણ તેમાં કોઇ જાનહાનિ થઇ ન હતી.

કાટમાળ નીચે વસાવા પરિવારના 4 સભ્યો દબાયાં હતાં. મોડી રાત્રે અચાનક ધડાકો થતાં આસપાસથી લોકો દોડી આવ્યાં હતાં અને ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર વિભાગની ટીમે કાટમાળ નીચેથી અશ્વિન ચીમન વસાવા અને આશિષ અશ્વિન વસાવા ને કાટમાળ નીચેથી બહાર કાઢયાં હતાં. કાટમાળ નીચે દબાયેલી બંનેની પત્નીઓને બહાર કાઢી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આશિષનો અકસ્માત થયો હોવાથી તે છેલ્લા એક માસથી પથારીવશ હતો. મંગળવારે રાત્રિના 2.30 વાગ્યાના અરસામાં દિવાલનો કાટમાળ પડતાં આખુ મકાન ધરાશાયી થઇ ગયું હતું. આશિષના પિતા અશ્વિન વસાવાએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. પુત્રને બચાવવા પિતા તેની ઉપર સુઇ ગયા હતાં પણ કાટમાળનું વજન 1500 કિલોથી વધારે હોવાના કારણે પિતા અને પુત્રના મોત થયા હતા.

બુધવારે વરસાદ બાદ ડાયવર્ઝન ઉપર બેરિયર ક્રશ પાસે ધોવાણ, સમારકામ શરૂ

સંખેડા-બહાદરપુર વચ્ચે ડાયવર્ઝન બંધ, બ્રિજ ઉપરથી હળવા વાહનો ચાલુ રહેશે

ભાસ્કરન્યૂઝ | સંખેડા

ઓરસંગ નદી ઉપર ડાયવર્ઝન બંધ કરવામાં આવ્યું.

સંખેડા અને બહાદરપુર વચ્ચે ઓરસંગ નદી ઉપર ડાયવર્ઝન ઉપરથી ટ્રાફિક બંધ કરવા અને બાજુના પુલ ઉપરથી નાના વાહનો પસાર કરવા દેવા માટે સંખેડા મામલતદારે આદેશ કર્યો છે. જોકે પુલ ઉપર હજીય કામગીરી ચાલુ છે.પોલીસ બંદોબસ્ત ગોઠવાયો નથી. સંખેડા તાલુકામાં સવારે એક ઇંચ જેટલો ભારે વરસાદ ખાબક્યો હતો. હાલમાં સંખેડા અને બહાદરપુર વચ્ચે ઓરસંગ નદી ઉપર આવેલા પુલનું સમારકામ ચાલી રહ્યું છે. જેમાં નીચે પીલ્લરોના મજબુતીકરણની કામગીરી ચાલી રહી છે. સાથે સાથે પુલ ઉપર રેલિંગની કામગીરી પણ ચાલુ છે, જે થોડી બાકી છે. પુલની બાજુમાં ઓરસંગ નદી ઉપર ડાયવર્ઝન બનાવાયું છે. જે સંખેડા સહિત આસપાસના આશરે 70 થી 80 જેટલા ગામો માટે જીવાદોરી સમાન છે. ખાસ કરીને આ ડાયવર્ઝન ઉપરથી હાલમાં એસટી બસ, ટ્રકો સહિતના તમામ વાહનોની અવરજવર ચાલી રહી છે. જોકે બુધવારે વધારે વરસાદ થયા બાદ આ ડાયવર્ઝન ઉપર બેરિયર ક્રશ પાસે ધોવાણ થયું હતું. પણ સ્ટેટ આર એન.બી.દ્વારા યુદ્ધના ધોરણે અહીંયા સમારકામ હાથ ધરી દેવાયું છે. સંખેડા મામલતદાર દ્વારા સંખેડા પોલીસ ઈન્સ્પેક્ટરને પત્ર લખી નદી પરના કામચલાઉ ડાયવર્ઝન ઉપર વાહન વ્યવહાર સંપૂર્ણ બંધ કરવા માટે પત્ર લખાયો છે.

ડાયવર્ઝન આજથી બંધ કરવામાં આવેલ છે

આગામી 24 કલાકમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવેલ છે. જે અનુસંધાને કલેક્ટર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી સૂચનાઓ આપીને આવનારા સમયમાં વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને બહાદરપુર ગામ અને સંખેડા વચ્ચે ડાયવર્ઝન બંધ કરેલ છે. બંને બાજુએ ડાયવર્ઝન આજથી બંધ કરેલ છે. » જે.એચ. પટેલ, મામલતદાર, સંખેડા

લીલા વૃક્ષનું નિકંદન કરતા માફિયાઓ સામે કાર્યવાહીની માગ

રૂસ્તમપુરા ડુંગરમાંથી ગેરકાયદે લાકડા ભરી જતો ટેમ્પો ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | વાઘોડિયા

વાઘોડિયાના રૂસ્તમપુરા ડુંગર વિસ્તારમાંથી છોટાઉદેપુર ફ્લાઈંગ સ્કવોડ મોબાઈલ ટીમે બાતમીના આધારે રેડ પાડી પ્રતિબંધિત મહુડાના લીલા લાકડા ભરીને જતો એક ટેમ્પો ઝડપી પાડ્યો હતો. ઘટના સ્થળેથી થોડે દૂર મહુડાના થડ પણ મળ્યા હતા. જોકે આ ઘટનાથી વાઘોડિયા વન વિભાગ ઊંઘતું ઝડપાયું હતું.

એક તરફ વરસાદ ખેંચાઇ રહ્યો છે અને બીજી તરફ પર્યાવરણને નુકસાન કરવા કિંમતી લીલા વૃક્ષોનું નિકંદન કરાઇ રહ્યું છે. ત્યારે મોબાઈલ ટીમ દ્વારા રેડ કરાતાં તપાસ કરી લીલા વૃક્ષોનું નિકંદન કરનાર માફિયાઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી થાય તેવી લોકમાંગ પ્રબળ બની છે. ઝડપાયેલ ટેમ્પોનો અસલી માલિક કોણ છે અને આ કિંમતી લાકડા ક્યાંથી કાપીને કઈ જગ્યાએ લઈ જવાતા હતા, તે દિશામાં ફ્લાઈંગ સ્કવોડે તપાસ તેજ કરી છે.

નસવાડી-કોસીંદ્રા NH-56ની દીવાલો બની આફત, ખેતરો પાણીથી જળબંબાકાર બન્યા

ભાસ્કરન્યૂઝ | નસવાડી

નસવાડીના ધામસિયાથી જબુગામ સુધી નેશનલ હાઈવે -56ની કામગીરીમાં નસવાડી નજીક બનાવેલી દીવાલો ખેડૂતો માટે આફત બની છે. હાઈવેની બંને બાજુ બંધાયેલી દીવાલોથી વરસાદી પાણીનો કુદરતી નિકાલ અટક્યો છે. ખેતરો જળબંબાકાર બન્યા છે. પહેલા જ વરસાદમાં પાક નિષ્ફળ જવાની ભીતિથી ખેડૂતોમાં ભારે રોષ છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે NH-56ની કામગીરી દરમિયાન ઈજનેરોએ પાણીના કુદરતી વહેણનો અભ્યાસ કર્યો નથી. હાઈવેની બંને તરફ ઊંચી દીવાલો બનાવી દીધી છે. પાણીના નિકાલ માટે પૂરતી ગટર કે કલવર્ટની વ્યવસ્થા કરી નથી. વરસાદનું પાણી સીધું ખેતરોમાં ભરાઈ રહ્યું છે.

ખેડૂતોએ કહ્યું કે અગાઉ વરસાદ ન પડતા વાવેલું બિયારણ ફેલ થઈ ગયું હતું. મુશ્કેલીથી ફરી બિયારણ વાવ્યું હતું. હવે ખેતરોમાં પાણી ભરાતા બીજી વાર પણ બિયારણ ફેલ થઈ જવાની ભીતિ છે. એક જ સીઝનમાં બે વાર વાવણીનો ખર્ચ પોસાય તેમ નથી.

ખેડૂતોનો આક્રોશ છે કે પહેલા વરસાદમાં જ આવી સ્થિતિ સર્જાઈ છે. નેશનલ હાઈવે ઓથોરિટીના ઈજનેરો સ્થળ પર આવ્યા નથી. કોન્ટ્રાક્ટરે પણ ડોકિયું કર્યું નથી. ખેડૂતો હવે પાણી ખેતરો બહાર નીકળે તેની રાહ જોઈ રહ્યા છે.

મોટા સુકાઆંબા થી ગાંજા સાથે 1 ઝબ્બે

રાજપીપળા. મોટા સુકાઆંબા ખાતે રહેતા રમેશ વસાવાને ત્યાં દરોડો પાડવામાં આવ્યો હતો. તેના ઘરની તલાશી લેવામાં આવતાં તેમાં એક થેલીમાં રાખેલો ગાંજો મળી આવ્યો હતો. તેનું વજન કરવામાં આવતાં તે 135 ગ્રામ જેટલો નીકળ્યો હતો. ગાંજાની કિંમત 6,750 રૂપિયા થવા જાય છે.

નર્મદા ડેમની જળસપાટી 8 સેમી ઘટી, 126.22 મીટર પર પહોંચી

ભાસ્કરન્યૂઝ | કેવડિયા

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમની સપાટી 126.30 મીટર પર પહોંચી ગયા બાદ હવે તેમાં ઘટાડો થઈ રહયો છે. બુધવારે સાંજના સમયે ડેમની સપાટી 126.22 મીટર નોંધાઈ હતી. ડેમની સપાટી એક દિવસમાં 8 સેમી જેટલી ઘટી ગઈ છે.

ઉપરવાસમાંથી 16 હજાર કયુસેક પાણીની આવક હતી તે ઘટીને માત્ર 239 કયુસેક થઈ ગઈ છે. રાજયમાં સિંચાઈ અને પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે 19 હજાર કયુસેક પાણી છોડવામાં આવી રહયું છે.

પાણીની આવક સામે જાવક ઓછી હોવાથી ડેમની સપાટીમાં ઘટાડો થઈ રહયો છે. ગોડબોલે ગેટમાંથી 638 કયુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહયું છે.

ખેડૂતો વાવણીમાં જોતરાયાં

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયામાં ચોમાસાની જમાવટ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારમાં શેરડી અને કેળનું વાવેતર વિપુલ પ્રમાણમાં થાય છે. આ ઉપરાંત શાકભાજી તેમજ ફુલોની ખેતી પણ સારા પ્રમાણમાં થાય છે.

નામ પરિવર્તન

જુનુ નામ : પટેલ મયંક ચીમનભાઇ
નવુ નામ : પટેલ મયંકકુમાર ચીમનભાઇ
ઘર નં. 44 આશીર્વાદ બંગ્લોઝ - 1
સાંપા રોડ, ગોવિંદી ગોધરા,
પંચમહાલ 389001

CHANGE OF NAME

Change my father name which is mention In my Passport No: P7221240 ARATBHAI MANSINH PATEL (OLD NAME) TO ARATBHAI NANABHAI PATEL - (NEW NAME)
Add: SARPANCH FALIA, SARSAV, GODHRA, PMS, GUJ, 389120.

CHANGE OF NAME

I, ASGAR BHAI ISUF ALI MITHAWALA, HOLDER OF PASSPORT NO P0723212 HEREBY DECLARE THAT I HAVE CHANGED MY NAME TO **ASGAR YUSUFALI MULLAMITHAWALA.**
ADDRESS - 345-15,OPP.PRANT OFFICE, BURHANI SOCIETY, DAHOD-389151

CHANGE OF NAME

I have change my surname PATEL ARJUNBHAI SARTANBHAI (OLD SURNAME) TO BARIA ARJUNBHAI SARTANBHAI (NEW SURNAME)
Add: 127 VARIA FALIYU, RAMA, TAL: DEVGADH BARIA, DAHOD, GUJ 389130.

ભારતીય સ્ટેટ બેંક
ડોલી સંતરામપુર બ્રાંચ, પોલીસ સ્ટેશનની સામે, સંતરામપુર જિલ્લો મહિસાગર 389260 ઈમેલ : sbi.09478@sbi.co.in

જપ્ત કરાયેલા વાહનના વેચાણ અંગે જાહેર સૂચના

આથી અત્રે નીચે દર્શાવેલ વાહનનો કબ્જો લીધા પછી / જપ્તી કર્યા પછી ભારતીય સ્ટેટ બેંક ના અધિકૃત અધિકારી દ્વારા નિયમાનુસાર નીચે જણાવેલ બાકી ખાતેદાર તેમને યોગ્ય તક આપવામાં આવી હોવા છતાં તેમની બાકી ચૂકવણીની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અધિકૃત અધિકારીએ અત્રે નીચે જણાવેલ વાહનનો કબજો ભારતીય સ્ટેટ બેંકના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, અને તેનો વેચવાનો નિર્ણય લીધો છે. આ માટે જાહેર જનતા પાસેથી પ્રસ્તાવ (બીડ)/અરજી માંગવામાં આવે છે. વધુ માહિતી માટે આ બેંકના અધિકૃત અધિકારીનો મોબાઈલ નં. 7600037411 ઉપર સંપર્ક કરવો.

વાહનના નિરીક્ષણનું સ્થળ :
ટ્રીનિટી પાર્કિંગ યાર્ડ, વાઘોડીયા ડીમાર્ટની પાસે, વડોદરા.

ખાતેદારનું નામ	વાહનની વિગત	વાહન ઉત્પાદન વર્ષ	વાહનની અનામત કિંમત (રૂ.)
શ્રી મનસુખભાઇ પારસીંગભાઇ કલાસવા	Massy 7235 Trector and Trailor	2024	રૂા. 2,40,000/-

શરતો :- (૧) વાહનની નિરીક્ષણની તારીખ : ૧૦/૦૭/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ સુધી ઉપર જણાવેલ સ્થળ ઉપર થઈ શકશે. (૨) વેચાણ ચુસ્તપણે "જે છે, જ્યાં છે અને ત્યાં જે કાંઈ છે" ના ધોરણે રાખવામાં આવ્યું છે. (૩) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૩/૦૭/૨૦૨૬, બપોરે ૩.૦૦ વાગ્યા સુધી અને હરાજીની તારીખ ૧૫/૦૭/૨૦૨૬ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે રહેશે. (૪). જો પ્રસ્તાવ(બીડ) નો સ્વીકાર કરવામાં આવશે તો સફળ રહેલા પ્રસ્તાવકારે (બીડરે) ૨૫% રકમ તુરત જ જમા કરાવવાની રહેશે. અરજી વખતે ભરેલ ૧૦% રકમ આ રકમમાં ગણી લેવામાં આવશે. (૫). વેચાણ કિંમતની બાકી રકમ પ્રસ્તાવ (બીડ) સ્વીકાર્યાની તારીખ પછીના ૭ દિવસની મુદતમાં જમા કરાવવી પડશે. (૬) વાહનની અનામત કિંમતના ૧૦% રકમનો ડ્રાફ્ટ / બેંકર્સ ચેક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નામનો ડોલી સંતરામપુર બ્રાન્ચ સંતરામપુર જિ. મહિસાગર શાખા પરનો વાહનની વિગત દર્શાવતી અરજી સાથે સીલબંધ કવર નીચેના સરનામે તારીખ સુધીમાં ટપાલ/કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે. સીલબંધ કવર ઉપર "ટ્રેક્ટર માટેની બીડ" એવું લખવું જરૂરી છે. સરનામું: એસ.બી. આઈ. ડોલી સંતરામપુર બ્રાન્ચ સંતરામપુર જિ. મહિસાગર (૭) અરજી સાથે પાન કાર્ડ / આધાર કાર્ડ/મતદાર કાર્ડ અથવા ડ્રાઈવિંગ લાયસન્સની કોપી બીડવી ફરજિયાત છે. (૮) વાહન નામફેર કરવાના અને અન્ય ખર્ચ વાહન ખરીદનારે ભોગવવાનો રહેશે.
સહી/-
તારીખ : ૦૧.૦૭.૨૦૨૬ અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક

ભાસ્કર classified

એનાઉન્સમેન્ટ announcement

નામ પરીવર્તન

I have my Changed My name From MENDAWALA SHAHEDA ALTAFHUSEN to MENDA SHAHEDA ALTAFHUSEN. Passport No. K4856650. Res. Giteli Plot, Godhra. Panchamahals.

I have my Changed My name From INDARGI AHMEDHUSEN ABDULAZIZ to AHMEDHUSEN ABDULAZIZ INDARJI. passport no. K6058089. Signal Faliya, Goghra. Panchmahals.

I have my Changed My name From PATEL IDRISH EBRAHIM to IDRIS IBRAHIM PATEL. Passport no. P0978834. 335- Koliwad, Shahera, Panchmahals.

મારૂં જુનું નામ વાઢેલ આયશાબીબી અનવરહુસૈન હતું નવું નામ વાઢેલ આયેશાબીબી અનવરહુસૈન કરેલ છે. રહે. મુસ્લિમ સોસાયટી સી ગોધરા

I have my Changed My name From HABIBA MOHAMMADIQBAL JARGAL to HABIBA MOHAMMEDIQBAL JARGAL. Polan Bazar, Godhra, Panchmahals.

મારૂં જુનું નામ વાટેલ ઓવેશ મોહસીન હતું નવું નામ વાઢેલ ઉવૈસ મોહસીન કરેલ છે. રહે. જામા મસ્જિદ સામે. ચંદનવાડી પાસે. જહુરપુરા. ગોધરા.

મારૂં જુનું નામ ભાગલિયા અસમા નઈમ હતું નવું નામ ભાગલીયા અસમા નઈમ કરેલ છે. રહે. ચેતનદાસ પ્લોટ, ગોધરા.

મારૂં જુનું નામ ચાનકી રિઝવાના સિરાજ હતું નવું નામ ચાનકી રીજવાના સિરાજ કરેલ છે. રહે. 243, બુરહાની ચાલ, વોહરવાડ, ગોધરા.

મારૂં જુનું નામ પાતલીઆ હાજરાબીબી યાકુબ હતું નવું નામ પાતલીયા હાજરાબીબી યાકુબ કરેલ છે. રહે. ભુખરી પ્લોટ, ગોધરા.

I have my Changed My name From MOHAMMADIQBAL SULEMAN JARGAL to MOHAMMEDIQBAL SULEMAN JARGAL.Polan Bazar, Godhra, Panchmahals.

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સુખસરની કોર્ટમાં
કેસ.નં.જ્મ/201/2025
અરજદારઃ સમસુભાઈ નાનાભાઈ ચારેલ રહે.લખણપુર, તા.સુખસર, જી.દાહોદ
વિરૂદ્ધ સામાવાળા- તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત લખણપુર, તા.સુખસર, જિ.દાહોદ
આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઇસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદાર સમસુભાઈ નાનાભાઈ ચારેલ, રહે.લખણપુર, તા.સુખસર, જી.દાહોદ નાઓએ તેઓના પુત્રી નામે રંકિતાબેન સમસુભાઈ ચારેલનો જન્મ તા.10-06-2006ના રોજ મોજે. લખણપુર,તા.સુખસર, જી.દાહોદ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ ગ્રામ પંચાયત લખણપુર ખાતે કરવાની રહી ગયેલ છે તો આ કામના સામાવાળાની નોંધ દફતરે વડાવી આપવા સામે કોઈને વાંધા દરકત સરખું હોય તો તેની મુદત તા. 3/01/2026ના રોજ બપોરના 12:00 કલાકે અત્રેની કચેરી ખાતે રાખેલ છે. તેમજ જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત આ નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી 15 દિવસ સુધીમાં વાંધો તકરાર સાથે અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો, અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે. આજ તારીખ 27મી જાન્યુઆરીને 2026 ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપ્યો.
(આર.વી. ભાભોર) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સુખસર

જાહેર નોટીસ શ્રી.એસ. સી. સંગાડા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં
નં.જ.મ.પ્ર/એસ.આર નં. 342 થી 343/2026 તા. 30/06/2026
અરજદાર : કટારા લલીતબેન ભારતભાઈ રહે.મેથાણ,તા.સીંગવડ, જિ.દાહોદ
વિરૂદ્ધ સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,મેથાણ મુ.મેથાણ,તા.સીંગવડ,જી.દાહોદ
જન્મ-મરણ અધિનિયમ-1969 ની કલમ 13(3) અન્વયે મરણ નોંધ કરાવવા અન્વયે નોટીસ
આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કટારા લલીતબેન ભારતભાઈ રહે.મેથાણ,તા.સીંગવડ, જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-1969 હેઠળ અરજી કરેલ છે.તેઓએ તેમના પુત્રી નામે કટારા અશ્મિતાબેન ભારતભાઈની જન્મ તા.02/10/2006ના રોજ મેથાણ,તા.સીંગવડ,જિ.દાહોદ ખાતે થયેલ છે.અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમો વાંધો યા તકરાર લેવા તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી 30 દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો તેમ કરવામાં ક્ષતિ કરશે તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી. આજ તા.30/06/2026 ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
(એસ. સી. સંગાડા) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ

જાહેર નોટીસ એસ.જી.રૈયાણી મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ હાલોલની કોર્ટ
જન્મ-મરણ/નોંધણી/અરજી નં.૧૬૧/૨૦૨૫
અરજદાર : રાજાભાઇ જાલીયાભાઇ રાઠવા - ઠે. ચાંપાનેર (પાવાગઢ), તા.હાલોલ, જી.પંચમહાલ.
વિરૂધ્ધ - સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને ત.ક.મંત્રીશ્રી નાણુવા, નાણુવા ગામ પંચાયત, તા.હાલોલ, જી.પંચમહાલ.
જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળ ની અરજી અન્વયે જાહેર નોટીસ આપી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રાજાભાઇ જાલીયાભાઇ રાઠવા ના બાઇ નામે લટુબાઇ જાલીયાભાઇ રાઠવા નું મરણ તા.૧૪/૦૬/૨૦૦૧ ના રોજ મુકામ મોજે-નાણુવા, તા.હાલોલ, જી.પંચમહાલ મુકામ થયેલ, પરંતુ જે તે સમયે અજ્ઞાનતાના કારણે તેમના મરણની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી ત.ક.મંત્રીશ્રી નાણુવા ગામ પંચાયત ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ મરણ નોંધણી કરવા અંત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખ થી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા-વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી. આજ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
હુકમથી સોલ.જી.રૈયાણી -એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર હાલોલ.

ભાવભીની શ્રદ્ધાંજલી - બેસણું



સ્વ. કમલબેન યશવંતભાઈ વસાવે
સ્વ. તા. 26/06/2026, શુક્રવાર
દિલગીરી સાથે જણાવવાનું કે મારા માતૃશ્રી **સ્વ. કમલબેન યશવંતભાઈ વસાવે** જેઓનું તારીખ 26/06/2026ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ આપે એ જ પ્રભુને પ્રાર્થના.
બેસણું : સદગત બેસણું તારીખઃ 04/07/2026, શનિવાર સમયઃ સાંજે 5:00 થી 7:00, સ્થળઃ જુનિયર રેલવે ઈન્સ્ટિટ્યુટ (JRI) સાત રસ્તા, (પરેલ) દાહોદ મો. 9376521328
શોકાકુલઃ
શ્રી રાજેશ યશવંત વસાવે - શ્રીમતી તૃષ્ણા રાજેશ વસાવે (પત્ની)
તેમજ સમસ્ત વસાવે પરિવારના જય શ્રી કૃષ્ણ

વેચાણ અધિકારીશ્રી (સરકારશ્રી ધ્વારા અધિકૃત) ની કચેરી
ધી દાહોદ મર્કન્ટાઈલ કો.ઓપ.બેન્ક લી.ઠે.મુલ્લાજી બજાર,દાહોદ
ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-1961 ની કલમ-159 હેઠળ અમને મળેલ સત્તાની રૂઈએ નીચે વર્ણવેલ મશીનરી જાહેર ઠરાજીથી વેચવાની છે.
તા. 15-07-2026 પહેલા નીચે સહી કરનારને મળી શકે તે મુજબ સીલબંધ કવરમાં નીચે વર્ણવેલ મશીનરી જે બેંક ધ્વારા કબજામાં લેવામાં આવેલ છે અને જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં ધી દાહોદ મર્કન્ટાઈલ કો.ઓપ.બેન્ક લી.દાહોદના મુદતવીતી નીચે જણાવેલ બાકીદાર તથા જામીનદારએ ધી દાહોદ મર્કન્ટાઈલ કો.ઓપ.બેન્ક લી.દાહોદ પાસેથી મેળવેલ લોન ની તા.30-06-2026 નાં રોજની બાકી પડતી રકમ રૂા.1,68,99,359-59 તથા વ્યાજ તથા અન્ય લીગલ ખર્ચ ની વસુલાત માટે ઠરાજી કરવાની ઠોઈ ભાવપત્રક (બોલીઓ) મંગાવવામાં આવે છે.

અ. ન	બાકીદાર/ જામીનદારનું નામ	લવાદ કેસ નંબર	મશીનરીનું વર્ણન	તળીયાની રકમ	ઈ. એમ.ડી.
1	બી હાઈવ ફુડ્સ ઈન્ટરનેશનલ પ્રા.લી. તથા તેમના ડાયરેક્ટર જુલ્કીકાર અસગરભાઈ પહાડવાલા તથા ફાતેમા તથા તેમના જુલ્કીકાર પહાડવાલ જામીનદાર મુરતુઝા મોઈઝભાઈ રાવત, સમીનાબેન હન્નાનભાઈ કાગદી, શબ્બીર હન્નાનભાઈ કાગદી, જુલ્કીકાર અસગરભાઈ પહાડવાલા તથા ફાતેમા જુલ્કીકાર પહાડવાલા	નં.૯૬/૨૧ નં.૯૭/૨૧	1.Batch fryer (Bhatti & Kadai) 2.Batch fryer (Bhatti & Kadai) 3.Winding Rewinding machine 4. Fryer long 5. Packing machine 6. with head 8. Sev machine 9. tray 30kg 10. Palate Burner 11. Pedestal Fan - 2	25,000/- 25,000/- 25,000/- 2,00,000/- 1,00,000/- 1,00,000/- 2,000/- 2,000/- 2,000/- 10,000/- 2,000/-	2500/- 2500/- 2500/- 20,000/- 10,000/- 10,000/- 200/- 200/- 200/- 1,000/- 200/-
				Total Rs.4,93,000/-	Rs. 49,300/-

ઠરાજીમાં ભાગ લેનાર દરેક ઇસમોએ ઓફર (ઉછામણી-બોલી) સાથે ઈ.એમ.ડી. ની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ ધી દાહોદ મર્કન્ટાઈલ કો.ઓપ.બેન્ક લી.દાહોદ ની તરફેણમાં બીડવાનો રહેશે.તળીયાથી નીચેની રકમની બોલી તથા ઈ.એમ.ડી. ની રકમના ડ્રાફ્ટ વગરની બોલી પ્રથમદષ્ટીએ ધ્યાને લેવા પાત્ર રહેશે નહીં.
નીચે સહી કરનાર તરફથી, આવેલ બોલીઓના કવર બોર્ડ રૂમ ધી દાહોદ મર્કન્ટાઈલ કો.ઓપ.બેન્ક લી.દાહોદ ખાતે તા.17-07-2026 ને શુક્રવાર નાં રોજ બપોરનાં 2-00 કલાકે ખોલવામાં આવશે.જાહેર હરાજી લિલામ તેજ વખતે તેજ સ્થળે બોર્ડ રૂમમાં ભાગ લેનાર ઓફરદારો-બોલીઓની હાજરીમાં કરવામાં આવશે.ઓફરદાર પોતાની રકમ વધારી શકશે. સૌથી વધુ બોલી બોલનારની બોલી-ઓફર ગ્રાહ્ય રાખવામાં આવશે.જેની બોલી ગ્રાહ્ય રાખવામાં આવે તેણે 25% રકમ તેજ વખતે બીડીગમાં બીડીગ ની રકમ તરીકે જમા કરાવવાની રહેશે અને બાકી રહેલ 75% ની રકમ હરાજીની શરતો મુજબ જમા કરાવવાની રહેશે અને તેમ કરવામાં કસુર થાય તો બેંક વેચાણ લેનારે જમા કરેલ રકમ ફોરફીટ-જપ્ત કરશે.જાહેર હરાજીની શરતો હરાજીના દિવસે વાંચી સંભળાવવામાં આવશે. દરખાસ્ત આપનાર મશીનરીની ચકાસણી સ્વયં કરી શકશે. જે કોઈ વધુ માહિતી જોઈતી હોય તો વેચાણ અધિકારી, ધી દાહોદ મર્કન્ટાઈલ કો.ઓપ.બેન્ક લી.દાહોદનો સંપર્ક કરવો.
સ્થળ :- દાહોદ, તા.30-06-2027 વેચાણ અધિકારી (સરકારશ્રી અધિકૃત) ધી દાહોદ મર્કન્ટાઈલ કો.ઓપ.બેન્ક લી.દાહોદ

વેચાણ અધિકારીશ્રી (સરકારશ્રી ધ્વારા અધિકૃત) ની કચેરી
ધી દાહોદ મર્કન્ટાઈલ કો.ઓપ.બેન્ક લી. ઠે.મુલ્લાજી બજાર,દાહોદ
ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-1961 ની કલમ-159 હેઠળ અમને મળેલ સત્તાની રૂઈએ નીચે વર્ણવેલ સ્થાવર મિલકત જાહેર ઠરાજીથી વેચવાની છે. તા. 15-07-2026 પહેલા નીચે સહી કરનારને મળી શકે તે મુજબ સીલબંધ કવરમાં નીચે વર્ણવેલ સ્થાવર મિલકત જે બેંક ધ્વારા કબજામાં લેવામાં આવેલ છે અને જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં ધી દાહોદ મર્કન્ટાઈલ કો.ઓપ.બેન્ક લી.દાહોદના મુદતવીતી નીચે જણાવેલ બાકીદાર તથા જામીનદારએ ધી દાહોદ મ